# સજોદ - અતિશય ક્ષેત્ર

આ ક્ષેત્રના મંદિરોનું સવિસ્તર સંકલન અંકલેશ્વરમાં મેવાડા ફળિયામાં રહેતા શ્રી ભરતભાઈ એમ. શાહે કરેલ છે અને મને છાપવા માટે તેમણે પ્રેમથી સંમતિ આપી તે બદલ તેમનો હું આભાર માનુ તો અયોગ્ય ન ગણાય. શ્રી શિતલનાથ સ્વામી દિગંબર જૈન અતિશય ક્ષેત્ર ભારતના ગુજરાત રાજ્યના ભરૂચ જિલ્લામાં આવેલા અંકલેશ્વર તાલુકામાં અંકલેશ્વર રેલ્વે સ્ટેશનથી ૮ કિ.મી.ના અંતરે અંકલેશ્વર અને સુરતને જોડતા સ્ટેટ હાઈ-વે ઉપર સજોદ ગામમાં દરજી ફળીયામાં આવેલું છે. આ તીર્થના દર્શને જવા માટે ડામરની પાકી સડક છે. અંકલેશ્વર રેલ્વે સ્ટેશનની નજીકમાં આવેલા ગુજરાત રાજ્યના બસ ડીપો ઉપરથી નિયમીત બસ સેવા ઉપલબ્ધ છે. આ ઉપરાંત રેલ્વે સ્ટેશનથી ટેક્સી તથા ઓટો રીક્ષા પણ ઉપલબ્ધ છે. અંકલેશ્વરથી હાંસોટ થઈને સુરત તરફ જતી કોઈપણ બસ દ્વારા સજોદ પહોંચી શકાય છે.

તીર્થક્ષેત્ર સજોદ શબ્દમાં બે શબ્દો સત્ અને જ્યોત ગર્ભીત રહેલા છે. સત્સ્વરૂપ શાશ્વત એવી આત્મ જ્યોતિનું જે ધામ છે તે જ સજોદ છે. આમ શ્રી શિતલનાથ સ્વામી જેઓ શાશ્વત એવી સત્ જ્યોત સ્વરૂપ છે, તેમનું ધામ પહેલાના સમયમાં સત્ જ્યોત નામથી જાણીતું હશે અને પાછળથી એ શબ્દનો અપભ્રંશ થવાથી સજોદ નામ જાણીતું થયું હશે તેમ અનુમાન થાય છે.

સજોદ ગામના દરજી ફળીયામાં આ મંદિરના મૂળનાયક શ્રી શિતલનાથ ભગવાનની પ્રતિમા આશરે ૩ ફીટની પદ્માસને સફેદ આરસની અત્યંત ભવ્ય અને મનોજ્ઞ વિતરાગભાવવાળી છે. આરસ દાણાદાર છે, તેથી મૂર્તિની શોભા વધે છે. મૂર્તિના કાન છેક ખભા સુધી લંબાયેલા છે. આંખ અર્ધખૂલી છે અને નાસિકાદષ્ટી છે. મૂર્તિની પીઠાસન ઉપર વૃક્ષનું લાંછન છે. પણ તે અત્યારે બહુ સ્પષ્ટપણે દેખાતું નથી. આ રીતે ભાવવાહી ધ્યાનસ્થ પ્રતિમાજી છે. મૂર્તિ ઉપર કોઈ લેખ લખેલ નથી. એટલે કે પ્રશસ્તી કાંઈ લખેલ નથી. તેથી તેની પ્રાચીનતા બાબતે માત્ર અનુમાન જ કરવામાં આવે છે. કેટલાંક વિદ્વાનોના મત અનુસાર આ પ્રતિમાજી ૨૦૦૦ વર્ષ પ્રાચીન છે. "ગુજરાત કે દિગંબર જૈન તીર્થ" નામના હિન્દી ભાષામાં પ્રગટ થયેલ પુસ્તકના પાના નં. ૧૯૯ ઉપર એમ લખેલ છે કે -

"હમારી વિનમ્ર માન્યતા કે અનુસાર યહ પ્રતિમાજીકી રચના ઔંર ઈસકે શીલ્પ કો દેખતે હુવે યહ પ્રતિમા ૭-૮વીં શતાબ્દી અથવા ઉસસે કુછ પૂર્વ ગુપ્તકાલકી હોની ચાહીએ."

અંકલેશ્વર તીર્થના શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા અને આ શ્રી શિતલનાથ ભગવાનની પ્રતિમા સમકાલીન હોવાની માન્યતા છે.

શ્રી શિતલનાથ ભગવાનના આ તીર્થક્ષેત્રનો જિર્ણોદ્ધાર સન ૧૯૯૫ માં શરૂ કરવામાં આવ્યો હતો. જુના જિનાલયને ઉતારીને આ મંદિરનો વિસ્તાર વધારવા માટે પૂર્વ દિશાના ચાર મકાનો ખરીદ કરીને અત્યારે ભોંયરાને ૧૫ ફીટ ઉંડુ અને ૫૫ ફીટ લાંબુ અને ૨૫ ફીટ પહોળું બનાવ્યું છે. જેમાં ૨૫૦ થી ૩૦૦ વ્યક્તિઓ સરળતાથી બેસી શકે તેવડું મોટું ભોંયરૂ કરેલ છે.

હાલ આ મંદિરની બાજુમાં ૪ રૂમની ધર્મશાળા બનાવી છે. ધર્મશાળામાં વિજળી-પાણી-પલંગ-ગાદલા-કબાટ-બાથરૂમ-લેટ્રીનની સગવડતા કરેલી છે. મંદિરના ભોંયરાના ઉપરના ભાગે શીખરનું બાંધકામ ચાલુ છે. ભવિષ્યમાં ભોજનશાળા બનાવવાની તથા જરૂરીયાત મુજબ બીજી ધર્મશાળા પણ બંધાવી શકાય તેવું આયોજન પણ છે. શ્રી શિતલનાથ સ્વામી તીર્થક્ષેત્રનો વહીવટ અંકલેશ્વરના ટ્રસ્ટીઓ કરે છે. ક્ષેત્રની સંભાળ માટે રાખેલા કર્મચારી દિવસ દરમ્યાન ક્ષેત્ર પર જ હોય છે. આ ક્ષેત્ર પર ટેલીફોનની સુવિધા પણ છે. દિવસ દરમ્યાન ૦૨૬૪૬-૨૬૫૬૦૨ નંબર ઉપર ફોન કરવાથી આ ક્ષેત્રનો સંપર્ક થઈ શકે છે.

શ્રી શિતલનાથ સ્વામી તીર્થક્ષેત્ર ખાતે હાલમાં વર્ષ દરમ્યાન નીચે પ્રમાણેના ઉત્સવો ભગવાનનો અભિષેક, પૂજા-ભક્તિ તથા સ્વામીવાત્સલ્ય દ્વારા ઉજવવામાં આવે છે.

૧. માહ વદ - ૧૪ ના રોજ વાર્ષિક ધ્વજારોહણનો ઉત્સવ ઉજવાય છે. આ દિવસનું સ્વામીવાત્સલ્ય અર્થાત્ સંઘજમણની વ્યવસ્થા શેઠ શ્રી નાથુભાઈ નેમચંદ ચોકસીના પરિવાર તરફથી પ્રાપ્ત થયેલાં ફંડના વ્યાજમાંથી કરવામાં આવે છે.

૨. ભાદરવા સુદ - ૫ થી ભાદરવા વદ - ૧ સુધીના પર્યુષણ પર્વ દરમ્યાન રવિવારની પસંદગી કરીને એક દિવસ માટે અહીં પર્યુષણ પર્વની ઉજવણી થાય છે.

૩. આસો સુદ - ૮ ના રોજ શ્રી શિતલનાથ ભગવાનનો નિર્વાણ મહોત્સવ અહીં ઉજવાય છે.

અંકલેશ્વર અને સજોદ પ્રાચીન અતિશય તીર્થક્ષેત્રો છે. ધવલા ટીકા ભાગ-૧ ના પાના નં. ૬૭ થી ૭૧ માં જે ઈતિહાસના પ્રસંગમાં અંકલેશ્વરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેનો સાર નીચે મુજબ છે.

સૌરાષ્ટ્રના ગીરનાર પર્વતની ચંદ્રગુફામાં અષ્ટાંગ મહાનિમિત્તના પારગામી પ્રજાવત્સલ એવા શ્રી ધરસેનાચાર્ય બીરાજતા હતા. અગાઉના સમયમાં શાસ્ત્રોનું જ્ઞાન પદ્ય રચનામાં શ્લોકરૂપે, ગાથારૂપે તથા કાવ્યરૂપે થતું હતું. તે સમયમાં જ્ઞાનને લીપીબદ્ધ કરીને પુસ્તકાકારે સંગ્રહ કરવા માટે કાગળ કે શાહી પ્રાપ્ય ન હતા. તેથી જ્ઞાનને કંઠસ્થ કરીને સાચવવાની પ્રથા હતી. આગમોનું જ્ઞાન કાવ્યમય પદ્ય રચનામાં હોવાથી કંઠસ્થ કરવાનું એકંદરે સરળ હતું. વળી

તે સમયમાં લોકોની સ્મરણશક્તિ પણ ઘણી તીવ્ર હતી. જેમ-જેમ સમય બદલાતો ગયો તેમ-તેમ કાળનો પ્રભાવ લોકોના આચાર-વિચાર, રહેણી-કરણી તથા સ્મરણશક્તિ ઉપર પડ્વા માંડયો. આ રીતે કાળનાં પ્રભાવનાં કારણે પૂજ્યશ્રી ધરસેનાચાર્યદેવને પોતાને પણ શ્રુતનું જ્ઞાન વિચ્છેદ પામવાનો ભય લાગ્યો. આ કારણથી જ તેઓ શાસ્ત્રના આગમ જ્ઞાનને લીપીબદ્ધ કરવાનો તેઓશ્રીએ નિર્ણય કર્યો હતો. આ સમયે દક્ષિણ ભારતના આન્ધ્ર પ્રદેશની મહિમા નગરીમાં દિગંબર જૈન ધર્મના દક્ષિણ પથવાસી આચાર્યો સાધુ સંમેલનમાં ભેગા થયા હતા, ત્યાં સંદેશો મોકલીને તેમણે બે મુનિવરોને બોલાવ્યા હતા. તે રીતે આચાર્ય શ્રી પુષ્પદંત સાગર અને આચાર્ય શ્રી ભૂતબલિ ગીરનાર આવ્યા હતા. બંને આચાર્યોએ પૂજ્ય શ્રી ધરસેનાચાર્યદેવના વચનોને સારી રીતે સમજી, અર્થગ્રહણ કરી, તેને ધારણ કરેલ. મહા વિનયી અને ઉત્તમ કુળના આ બંને મુનિરાજોનો જન્મ આન્ધ્ર પ્રદેશની વેણા નદીના કિનારે આવેલી વસુંધરા નામની નગરીમાં થયો હતો.

એક એવો મત પણ છે કે પૂજ્ય શ્રી ધરસેનાચાર્યદેવે આ બંને મુનિરાજોને ઉપદેશ આપીને વિદાય કર્યા અને કહ્યું કે જે પ્રદેશમાં તાડના વૃક્ષો વિપુલ પ્રમાણમાં હોય ત્યાં જઈ તાડના પત્રો ઉપર શાસ્ત્રને લીપીબદ્ધ કરવા. તે સમયે અંકલેશ્વર નગરની ઉત્તરે અને નર્મદા નદીના દક્ષિણના કિનારાનાં ભાગમાં તાડનું ગીચ જંગલ ફેલાયેલું હતું. તેથી આ બે મુનિરાજોએ અંકલેશ્વરમાં મુકામ કરીને શ્રુતજ્ઞાનના પ્રચારની યોજના બનાવી. આ યોજના અનુસાર તેમણે બંનેએ ષટ્ખંડાગમની રચના અંકલેશ્વરમાં કરી હતી. ષટ્ખંડાગમ શાસ્ત્ર છ ભાગમાં વહેંચાયેલું હોવાથી તે ષટ્ખંડાગમ તરીકે ઓળખાય છે.

ગમે તે હો - ષટ્ખંડાગમની રચના ગીરનારની ગુફામાં થઈ હોય કે અંકલેશ્વરમાં થઈ હોય. પરંતુ, ષટ્ખંડાગમ શાસ્ત્રની વિમોચન વીધી તો અંકલેશ્વરમાં મહામહોત્સવ કરીને જેઠ સુદ - ૫ ના રોજ થઈ હતી તે વાત ચોક્કસ છે. **મૂળ "ષટ્ખંડાગમ" શાસ્ત્ર તાડપત્ર ઉપર લખાયેલ હાલ કર્ણાટક રાજ્યના મુડબીદ્રી નગરમાં આવેલા સિદ્ધાંત મંદિરમાં ત્યાંના ભટ્ટારકશ્રી પાસે સુરક્ષીત પડયું છે.**

અવિચ્છિન્ન ધારાએ શ્રુતામૃતના ધોરીયા વહેવડાવી અનેક ભવ્ય પિપાસુ મુમુક્ષુઓને શ્રુતામૃતનું પાન કરાવી મુક્તિના પંથે દોરનાર સર્વશ્રુતજ્ઞાની પવિત્ર આત્માઓને અત્યંત ભક્તિભાવે નમસ્કાર હો ! ... નમસ્કાર હો ! ...